# પંચમહાલની નારી શક્તિ હિરાંબેન નિનામા

**પ્રિ.ડૉ. પ્રફુલ્લા સી. બ્રહ્મભટ્ટ**
ધી ધનસુરા પિપલ્સ કો.ઓ. બેંક લી.,
આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,ધનસુરા,
જી. અરવલ્લી-૩૮૩૩૧૦.

એંગ્લો-અમેરિકન નારીવાદી ઈતિહાસમાં સૌ પ્રથમ નારીને ઈતિહાસનો વિષય બનાવતું લેખન થયું. her story ‘હર સ્ટોરી’ના અભિગમથી, જેમાં ઈતિહાસકારોનું કહેવું હતું કે અત્યાર સુધી હિસ્ટ્રી Historyએ ‘his story’ એટલે કે પુરૂષોની કથા હતી જેને હવે her story અથવા સ્ત્રીઓની કથામાં ફેરવવાની જરૂર છે. આ અભિગમથી ઘણાં સ્ત્રી-પુરૂષોએ ઈતિહાસ લેખન કર્યા. Joan Wallach Scott, Gayle Rubin’s, Degler, આમ હર-સ્ટોરીના લેખક-લેખિકાઓએ મહત્વની રહૈી સ્ત્રીઓનો ઈતિહાસ લખ્યો છે, જેની ઈતિહાસના વિદ્વાનો ઉપર મહત્વની અસર થઈ છે. સ્ત્રીઓનાં કાર્યોની અને એમના વિષેની માહિતી એકઠી થવાથી એક માન્યતા કે સ્ત્રીઓનો ઈતિહાસ કાંઈ છે જ નહીં એ સાવ નકારાઈ. ઈતિહાસના પાને સબળ સ્ત્રીઓની ભૂમિકાના આદર્શોના કેટલાક ઉદાહરણો મળે છે પણ તે સાથે સ્ત્રીઓએ કરેલાં સામાજિક પ્રતિકારોને કે સમાજમાં તેમણે કરેલાં યોગદાનને ઊભરવાની પણ ઘણી જરૂર છે.

આવા જ પંચમહાલ જિલ્લાના નારી શક્તિ સ્વરૂપા- હિરાબહેન નિનામાનું આદિવાસી સમાજના Tribal Society ઉત્કર્ષમાં અનેરૂ યોગદાન રહ્યું હતું. પંચમહાલ જીલ્લો પોતાનામાં રહેલી કુદરતી વિશિષ્ટતા તથા સાંસ્કૃતિક વિવિધતાઓને લીધે જાણીતો છે. છતાં પણ રાષ્ટ્રીય પ્રવાહના બદલાયેલાં પરિવેશમાં આજે પણ પછાત રહ્યો છે. પંચમહાલના અંતરિયાળ વિસ્તારો Interior Locationમાં વસતા આદિવાસીઓમાં નિરક્ષરતા, બેકારી, ગરીબી, ભૂખમરો, મહાજનો દ્વારા થતાં શોષણો, વ્યસનો જેવાં અનિષ્ટો રહ્યાં છે. જમીન પણ ખેતી લાયક ન હોવાથી મુશ્કેલીથી વર્ષ

દરમ્યાન એકાદ પાક લઈ શકે છે ત્યારે આવી વિષમ પરિસ્થિતી વચ્ચે જીવતા આદિવાસીઓના ઉત્કર્ષ અર્થે હિરાંબહેને પોતાનું સમગ્ર જીવન સમર્પિત કર્યું.

શ્રીમતિ હિરાંબહેન લાલચંદભાઈ નિનામાનો જન્મ ૧૯૧૫ની સાલમાં પંચમહાલ જીલ્લાના દાહોદ તાલુકાના જેસાવાડા ગામે થયો હતો. જે થોડાંક વર્ષ પહેલાં જીલ્લા તરીકે અસ્તિત્વમાં પામ્યો તેમના માતૃશ્રીનું અવસાન તેઓના બાલ્યાવસ્થા દરમ્યાન જ થયું હતું. પિતાશ્રી શકરાભાઈ ભૂરીયા તેમની બાલ્યાવસ્થા દરમ્યાન જ દારૂ ગાળવાના કેસમાં પકડાઈ જતાં હિરાબહેન નિરાધાર બન્યા. હિરાંબહેન તથા નાનીબહેન ફળીયામાં રઝળતાં હતાં, તે દરમ્યાન પૂજ્ય અમૃતલાલ ઠક્કર જેઓ આદિવાસીઓમાં ઠક્કબાપાના હુલામણાં નામથી ઓળખાતા, તેઓ હિરાંબહેનને તથા તેમના ભાઈ બહેનોને જેસાવાડા મુકામે, યશવાટીકા આશ્રમમાં લઈ ગયાં જે ભીલ સેવા મંડળ દ્વારા સંચાલિત હતી. આમ ૧૯૨૩માં હિરાંબહેન આશ્રમમાં દાખલ થયાં, ત્યાં તેઓએ પૂજ્ય પાડુંરંગ ગોવિંદ વણીકર દાદાની કડક શિસ્ત અને માર્ગદર્શન હેઠળ ધોરણ-૭ (સાત) સુધી અભ્યાસ કર્યો. તે જ આશ્રમમાં અભ્યાસ કરતા શ્રી લાલચંદભાઈ નિનામા સાથે હિરાંબહેનના લગ્ન કરાવી આપ્યા. તેઓનું શિક્ષણ પ્રાપ્તિ તે સમય તથા સ્થાનનાં સંદર્ભમાં વિશિષ્ટ બાબત હતી.

ઠક્કરબાપાએ ત્યારબાદ આ નવદંપતિને હાલ પાકિસ્તાનમાં આવેલ તા. નગરપારકડીના યસ્પાસ્કર સિંધ પ્રદેશમાં સન ૧૯૩૦ સુધી નવા ખોલાનાર આદિવાસી આશ્રમના વ્યવસ્થાપક તરીકે સેવાઓ આપી. જયાં તેઓએ સખત પરિશ્રમ ઉઠાવી ૭ વર્ષ સુધી આશ્રમની વ્યવસ્થા સારી રહૈ઼ સંભાળી તથા ત્યાંના બાળકોને શિક્ષણ તેમજ સર્વાંગી વિકાસ થાય તેવું શિક્ષણ આપી જીવનનું ઘડતર કર્યું હતું. તેમજ બાળકોના મા-બાપને એકઠાં કરી તેમની માતાઓને મહિલા તાલીમ વર્ગો તથા પિતાઓને સ્વતંત્ર સંગ્રામી સેનાના સૈનિક તરીકે તૈયાર કરવાની કામગીરી ખંતપૂર્વક નિભાવી હતી.[૨] ત્યારબાદ ત્યાંથી પાછા આવી ભીલ સેવા મંડળના દાહોદ, ઝાલોદ તથા જેસાવાડા વગેરે સ્થળોએ ૧૯૩૦માં વ્યવસ્થાપક તથા વ્યવસ્થાપિકા તથા શિક્ષક-શિક્ષિકાની બેવડી જવાબદારી નિભાવી આ કાર્યના કદરરૂપે ઠક્કરબાપાએ તેમને ભીલ સેવા મંડળના આજીવન સેવક બનાવ્યા. તે સાથે જ ૧૯૩૯ થી ૧૯૪૭ સુધીમાં રાજયના આદિવાસી વિસ્તારોમાં ઊંડાણ અને અંતિયાળ ગામો જેવા કે નીચલાગઢ, જેતવા, ખેડબ્રહ્મા, આંતરસુબા વિસ્તારમાં આશ્રમશાળાઓને કાર્યરત બનાવીને આદિવાસીઓને શિક્ષણ પરત્વે જાગ્રૃત કરવાની કામગીરી હીરાંબહેને ઉપાડી.[૩]

આદિવાસીઓના કન્યા આશ્રમોમાં બાળાઓને લાવી, સાચવી અને સંસ્કાર સિંચન કરવાના કામમાં અનેક વાર તેઓએ પંચમહાલ જીલ્લાના જંગલોમાં રાત-દિવસ જોયા વગર પગપાળા પ્રવાસો કરતાં જેના કારણે આદિવાસી સમાજમાં તેઓને બહુ બહોળો સંપર્ક થવા પામ્યો હતો. જેના કારણે ૧૯૫૭ની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ તરફથી ટિકીટ આપવામાં આવી જેમાં ધારાસભ્ય તરીકે તેઓ ચૂંટાઈ આવ્યા, આમ, મુંબઈ રાજયની વિધાનસભામાં ધારાસભ્ય તરીકે પ્રથમ આદિવાસી મહિલા તરીકે ચૂંટાઈ આવવાનું માન મેળવ્યું. મુંબઈ રાજયથી વિભાજીત થઈને ગુજરાત રાજય ઈ.સ.૧૯૬૦માં અસ્તિત્વમાં આવ્યું તે સમયે રાજયની પ્રથમ ટર્મના સભ્ય પણ તેઓ બન્યા. ત્યારબાદ વિધાનસભાની ચૂંટણીઓમાં ૧૯૬૨, ૧૯૬૭,૧૯૭૨ દરમ્યાન સંતરામપુર, દાહોદ, ઝાલોદમાંથી તેઓ ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા. તે દરમ્યાન વચગાળાના વિધાસભામાં સ્પીકરની પેનલમાં રહી વખતો વખત વિધાનસભાના સ્પીકર તરીકે કામગીરી સફળતાપૂર્વક બજાવી.[૪]

તેઓ માત્ર આદિવાસી વિસ્તારમાંથી ચૂંટાઈ આવ્યા એટલું જ નહી પરંતુ વિધાનસભામાં તેમણે આદિવાસી જાતિના ઉત્કર્ષ અર્થે સરકાર સામે રીતસરની ટહેલ નાંખી. વિધાનસભામાં તેમણે શાહુકારોની સામે આદિવાસીઓને રક્ષણ, આદિવાસી વિદ્યાર્થીઓને મળતી શિષ્યવૃતિમાં વધારો, આદિવાસી કન્યા કેળવણી માટેના પગલાં, નશાબંધી અર્થનો અભિગમ, આદિવાસી બાળકલ્યાણના અર્થે તથા પ્રસુતા અને બાળકના જન્મ દરમ્યાન સરકારની કામગીરી અંગે તેમણે સતત ધારાસભ્યની કારકિર્દી દરમ્યાન આ અંગે માંગણીઓ મૂકી.

હિરાંબહેન વિધાનસભામાં રજૂ માંગણીઓ જોઈએ, અધ્યક્ષશ્રીને, “શાહુકારી નિયમના ધારાને સુધારવા માટે જેને કામ સોંપવામાં આવ્યું છે તે આસીસ્ટંન્ટ રજીસ્ટ્રારને સોંપવામાં આવ્યું છે. પણ આ સ્ટાફમાં કાપ મૂકવામાં આવ્યો છે. જયારે શાહુકારી નિયમન અંગે તો તેને દુરસ્તી કરવી હોય તો એક જીલ્લામાં અગર તો બે જીલ્લામાં એક આસીસ્ટંન્ટ રજીસ્ટ્રારને ત્રણ જીલ્લા સોંપવામાં આવ્યા છે. તો ખરેખર આદિવાસી વિસ્તારમાં કામ કરવું હોય અને ગામડાંને લક્ષમાં રાખીને તેમનું શોષણ અટકાવવું હોય તો તેના માટેની જોગવાઈ આદિવાસી વિસ્તાર પુરતી કરવી જોઈએ અને એના માટે જે ત્રણ જીલ્લા સોંપવામાં આવ્યા તેને બદલે એક જીલ્લો સોંપવામાં આવે તો હું માનુ છું કે આદિવાસીઓનું શાહુકારી દ્વારા થતું શોષણ અટકાવી શકાય.”[૫]

હિરાંબહેન તથા લાલચંદભાઈએ સાત લાખના દેવામાંથી દોઢ લાખના દેવા નક્કી કરાવ્યા અને ત્રણ હજાર એકર જમીન એક જ શાહુકાર પાસે ગીરો પડેલી હતી તે આદિવાસી ખેડૂતોને પાછી અપાવી.

હિરાંબહેને આદિવાસી વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ વધારવાના તથા આદિવાસી હોસ્ટેલોના સંદર્ભમાં પણ ધારાસભામાં માંગણી મૂકી હતી. તેમના શબ્દોમાં જોઈએ, "આદિવાસી વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવાનું ધોરણ આજની મોંઘવારીને લક્ષમાં લઈને ચૂકવવામાં આવતું નથી તો આ મોંઘવારીને લક્ષમાં લઈને આ રકમનો વધારો કરીને વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવામાં આવે તો સારૂં, આ ઉપરાંત વિદ્યાર્થીઓને જે શિષ્યવૃતિ જાન્યુઆરીમાં મળે છે તે જૂનમાં મળે તો વધારે ઉચિત ગણાય, કારણ કે કાગળિયા ઉપર તો આપણે જૂનમાં મળી ગયેલ છે એમ બતાવીએ છીએ પણ વાસ્તવમાં જાન્યુઆરીમાં મળે છે. અમે લોક પ્રતિનિધિ છીએ. તેથી અમારી માંગણી છે કે, અમારી પાસે કોલેજના વિદ્યાર્થીઓની ફરિયાદ આવે છે કે શિષ્યવૃતિ નિયમિત નથી મળી. આ વિદ્યાર્થીઓના મા-બાપ પાસે ખાવાય નથી ને શરીરે ઓઢવા કપડું નથી. તો છોકરાને શું આપી શકે આ વિદ્યાર્થીઓને સરકારે સગવડ પૂરી આપવી જોઈએ."[૬] આ ઉપરાંત આદિવાસીઓના આરોગ્ય હિતકારી સંદર્ભે તેમણે કહ્યું હતું કે, "આદિવાસી વિસ્તારની અંદર દવાના પૂરતા સાધનો, ડોક્ટરો, નર્સો એ બધુ હોતું નથી. માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તાની ૨૫ હજારની વસ્તીએ એક ફરતું દવાખાનું ડોક્ટર મૂકવામાં આવે તો ઘણી જ રાહત મળે એમ છે અને તેની સાથે સાથે ગામડાંની અંદર જે દાઈઓ અસ્વચ્છ રીતે પ્રસૂતિ કરાવે છે એ છીંકણી સુંઘતી, હાથ સાફ કર્યા વગર એવા હાથે જ એ પ્રસૂતિ કરાવતી હોય છે તો સરકારે એક યોજના આદિવાસી વિસ્તારમાં કરવી જોઈએ, દૂરના ગામડાં માટે કે સારી અનુભવી દાઈઓને તાલીમ આપીને તેમને પાંચ ગામ કે બે ગામ સોંપવા જોઈએ કે જેથી બહેનોનું આરોગ્ય જોખમાય નહિ અને સરળતાથી પ્રસૂતિ કરાવી શકે અને બાઈ કે બાળકના જીવને હાની થાય નહિ."[૭]

કન્યા કેળવણી પરત્વેની તેમની સંવેદના વિધાનસભામાં તેમણે રજૂ કરેલ માંગણોઓના સંદર્ભમાં જોઈએ તો, "છાત્રાલયો હવે ઠેર-ઠેર જીલ્લા લેવલે પણ હોવા જોઈએ, કારણ કે જે આશ્રમ શાળાઓ ચાલે છે તેની અંદર કન્યાઓની સંખ્યા વધી છે. ગામડાંની અંદર શિક્ષણ વધ્યું છે તેથી હવે આપણે એના માટે કોઈ સત્વરે વ્યવસ્થા કરવી જોઈએ, એનો પણ વિચાર કરવો જોઈએ. જીલ્લા

લેવલે કન્યા છાત્રાલયો હોવા જોઈએ કે જેથી કરીને દૂરના ગામડાંની બહેનો આવીને અભ્યાસ કરી શકે અને ઠેઠ છેવાડાનું ગામ હોય ત્યાં સુધી આજે કહેવાય છે કે સ્વરાજની હવા નથી ગઈ પણ આજે આ શિક્ષણના બારામાં જયાં ગામડાંની નિશાળો છે ત્યાં કન્યા ભણે છે ત્યાં કન્યા છાત્રાલયની સગવડ અને પ્રોત્સાહન ન મળે તો કન્યાઓ ભણી નહિ શકે, અને આખરે આપણે જાણીએ છીએ ત્યાં સુધી કન્યા કેળવણી ખરેખર તો મફત થવી જોઈએ, પણ એથી વિશેષ એ કહેવા માંગુ છું કે કન્યાઓ માટે પુરતી સગવડ ઊભી કરવી જોઈએ, સંતરામપુર તાલુકા લેવલે અમને મિશ્ર છાત્રાલયો આપવામાં આવે છે. આ પંચમહાલના છેવાડાના ગામની ઉજળિયાત વસતિના ગણ્યાગાંઠ્યા માણસો હોય એ પછાતવર્ગની અંદર એમની દીકરીઓને મૂકે નહિ એટલે અમને આદિવાસીઓ કન્યાઓનું આગવું છાત્રાલય આપવું જોઈએ. એની અંદર ઉજળિયાત કન્યા આવે તો એની મના નથી પણ આ એક મિશ્ર છાત્રાલયની માન્યતા હોવી જોઈએ નહિ."[૮]

નશાબંધી સંદર્ભમાં તેમના પ્રતિભાવો જોઈએ તો, "માનનીય અધ્યક્ષશ્રી ગુજરાત સરકારે નશાબંધી કરીને બહેનો, બાળકો અને મજૂરોનું ખુબ જ કલ્યાણ કર્યું છે. અમારી બહેનોને માર પડતો હતો તે આજે ગયો છે. ખરાબ દશામાં ભાઈઓ પડી નશો કરી રસ્તામાં રહેતા હતા તે વસ્તુ આજે દૂર થઈ ગઈ છે, આ બધુ નશાબંધીને કારણે જ બન્યું છે તેથી ગુજરાત સરકારે અમારા આશીર્વાદ મેળવ્યા છે. ગુજરાત સરકાર તેનો કાયમી અમલ કરે તેવી મારી વિનંતી છે."[૯] ૧૯૪૪-૪૫માં કઠલા વિભાગના ભીલો માટે બ્રિટીશ સરકારે દારૂ ગાળવાની ભઠ્ઠી ખોલી હતી, બે આનાનો એક શીશો દારૂ વેચવા માટે બબ્બે કિ.મી.ના અંતરે પીઠાં ખોલેલા તેથી ભીલો દારૂ પી છાટકા થઈને લૂંટફાટ, તોફાન, ખૂન કરવા લાગ્યા, તેથી આ બદી દૂર કરવાની જવાબદારી હિરાંબહેન તથા લાલચંદભાઈને આ માટેની કામગીરી સોંપી અને સુખદેવભાઈ તેમને કઠલા મૂકી આવ્યા, ત્યાં પ્રાથમિક શાળા શરૂ કરી અને સ્થાનિક આગેવાનોનો સાથ લઈ સમજાવ્યા. આ દારૂના પીઠાનો ઈજારો રાખનાર પોતાની જમીન ભીલ સેવા મંડળને દાન આપીને ચાલ્યા ગયા. આજે પણ તે જમીન ઉપર ભીલ સેવા મંડળની આશ્રમ શાળા કાર્યરત છે.

આજના સંદર્ભમાં રાજકારણીઓની કાર્યશૈલી વિશે વિચારીએ તો મોટાભાગે તેઓ જે મતવિસ્તારમાંથી ચૂંટાઈને આવ્યા હોય તે વિસ્તારની સમસ્યાઓ, જરૂરિયાતો સાથે કાંઈ લેવા-દેવા જ ન હોય અને ફરી એક વાર જયારે ચૂંટણીઓ આવે ત્યારે મત માટે માંગણી અર્થે નીકળતા હોય

છે. ત્યારે હિરાંબહેનના સંદર્ભમાં જોઈએ તો તેઓ દાહોદ, ઝાલોદ, સંતરામપુર – વિસ્તારમાંથી જે-તે સમય દરમ્યાન ચૂંટાઈ આવ્યા હતાં. તેઓએ સાચા અર્થમાં આદિવાસીઓનું પ્રતિનિધિત્વ વિધાનસભામાં પુરૂં પાડ્યું હતું. જેમાં શાહુકારો દ્વારા થતું આદિવાસીઓનું શોષણને લગતા નિયમન હોય કે આદિવાસી વિદ્યાર્થીઓને મળતી શિષ્યવૃતિનું ધોરણ કે શિષ્યવૃતિની નિયમિતતા હોય અથવા કે આદિવાસીઓના સ્વાસ્થ્ય માટે ફરતાં દવાખાનાની માંગણી કે છેવાડાના ગામમાં પ્રસૂતા અને બાળકના માટે દાયણની વાત હોય કે કન્યા કેળવણીને પ્રોત્સાહનના સંદર્ભની બાબત હોય આ દરેક-દરેક બાબતમાં તેઓનાં હૃદયમાં આદિવાસી જાતિનું હિત સમાયેલું હતું, જે તેમની વિધાનસભામાં અધ્યક્ષશ્રી સમક્ષની માંગણીઓમાં પ્રતિબિંબિત થતું હતું.

વિધાનસભામાં ધારાસભ્યના પદ પર પહોંચ્યા પછી પણ એમનું જીવન સાદગીથી ભરેલું હતું. જે તેમની વિષ્ણુ પંડ્યા સાથેની મુલાકાતમાં વ્યક્ત થાય છે, "હિરાંબહેનને પોતાનાં ખર્ચ મહિલા પરિષદમાં આવવાનું હતું તો ઉધાર નાણાં લઈને રાજકોટ આવ્યા અને વિમલતાઈને સાંભળ્યા. એમની હાલત જોઈને મને લાગે છે કે મહેન્દ્ર દેસાઈએ ધારાસભ્યોને મળનારાં પેન્શન માટે શા માટે ઉહાપોહ કર્યો હશે?"[૧૦] અહિં વિષ્ણુ પંડ્યાની સંવેદનમાં હિરાંબહેનના જીવનમાંથી વ્યક્ત થતી કરૂણા તરફનો જ જાણે એ પ્રશ્નાર્થ લાગે છે.

સેવા, શિક્ષણના ક્ષેત્રે કામ કરતાં શ્રીમતિ હિરાંબહેનની કામગીરીથી પ્રભાવિત થઈને રાજ્ય સરકારે ૧૯૬૦ થી ૧૯૭૬ સુધી સમાજ કલ્યાણ સલાહકાર સમિતિના સભ્ય તરીકે નિયુક્ત કર્યા, આ ઉપરાંત ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મંત્રીપદે પણ રહ્યાં હતાં. ૧૯૭૫ થી ૧૯૭૭ સુધી ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર કોર્પોરેશનના 'ડિરેક્ટર' તરીકે નિયુક્ત કરીને તેઓની સેવાની કદર કરી હતી. જેમાં મુખ્યત્વે જાહેર હિસાબ સમિતિ, આદિવાસી સલાહકાર સમિતિ, નશાબંધી મંડળ, આ ઉપરાંત પશ્ચિમ રેલવે સલાહકાર સમિતિના સભ્યપદે રહી કામગીરી બજાવી.[૧૧]

બાળ કલ્યાણ અને સ્ત્રીઓના કલ્યાણની પ્રવૃતિઓ માટે ગુજરાત રાજ્ય સમાજ કલ્યાણ સલાહકાર બોર્ડના લાંબા સમયથી તેઓ સભ્ય હતા, તથા પંચમહાલ જીલ્લામાં આવેલ પ્રોજેક્ટ સમિતિમાં ચેરમેન તરીકે લાંબી કામગીરી બજાવી. બાળકો અને સ્ત્રીઓના કલ્યાણ માટેની

કામગીરીમાં યશસ્વી અને અમૂલ્ય ફાળો આપેલ છે. આ ઉપરાંત અનેક બાલવાડીઓમાં સીધા સંચાલનમાં સંકળાયેલ હતા.

૩૦ જાન્યુ.૧૯૮૯ ગાંધી નિર્વાણ દિને હૃદયકુંજ, હરીજન આશ્રમ, અમદાવાદમાં મુખ્યમંત્રીશ્રી અમરસિંહ ચૌધરીના હસ્તે ગુજરાત નશાબંધી મંડળના ઉપક્રમે પંચમહાલના ‘શ્રેષ્ઠ મહિલા કાર્યકર’ તરીકે ‘સ્વ. ઈન્દુમતિબેન ચીમનલાલ શેઠ’ સુવર્ણપદક અર્પણ થયો હતો.[૧૨] તેમજ ૩-૮-૧૯૯૨ના રોજ ગુજરાત રાજ્ય સમાજ કલ્યાણ બોર્ડ દ્વારા સને ૧૯૬૦ થી ૧૯૭૬ વર્ષ દરમ્યાન બોર્ડના સભ્યપદે રહી બહેનો અને બાળકોના ઉત્કર્ષ માટેની પ્રવૃતિઓ માટે શ્રીમતિ ઈલાબહેન જાનીના અધ્યક્ષ સ્થાને તેઓને સાલ ઓઢાડીને સન્માન સુમન અર્પણ કર્યું હતું. [૧૩]

આ ઉપરાંત ૧૯૯૨ની ગુજરાત રાજયની વિવિધ કમિટિઓ જેવી કે, ગુજરાત આદિવાસી સલાહકાર પરિષદના સભ્ય, ગુજરાત રાજય સર્વોદય યોજનાના સભ્ય, ગુજરાત રાજય સહકારી મહિલા સમિતિના સભ્ય,પંચમહાલ મહિલા સુરક્ષા સમિતિના સભ્ય, પંચમહાલ મહિલા સહકારી સમિતિના ચેરમેન પદે રહી દીર્ઘકાલીન સમય સુધી રાજય સરકારની વિવિધ પ્રવૃતિઓમાં અમૂલ્ય ફાળો આપ્યો હતો.[૧૪]

સાદાઈ, નમ્રતા અને દયાના ગુણો ધરાવતાં હિરાબહેન નિનામાનું આખુ કુટુંબ સેવાના રંગે રંગાયેલ હતું. તેમના પતિ લાલચંદભાઈ નિનામા પણ ભીલોના વકીલ તરીકે ખ્યાતિ પામેલ. જેઓ આજીવન ભીલ સેવા મંડળના સભ્ય તરીકે કાર્યરત રહ્યાં હતા તથા ૧૯૫૨ થી ૧૯૫૮ સુધી મુંબઈ ધારાસભામાં ચૂંટાઈ આવ્યા હતાં. તેમના જયેષ્ઠ પુત્ર ડૉ. ગોવિંદસિંહ નિનામા જેઓ પંચમહાલ જીલ્લાના આદિવાસી સમાજના સૌ પ્રથમ એમ.બી.બી.એસ. ડોક્ટરની પદવી મેળવી હતી. તેઓ ૧૯૬૨ના ભારત-ચીન યુધ્ધ દરમ્યાન ભારત સરકારના વિમાની સેના દળમાં ફલાઈટ લેફટનન્ટની ફરજ બજાવી હતી. ત્યારબાદ ગોધરા મુકામે સરકારી હોસ્પિટલમાં સિવિલ સર્જન તરીકે સેવા આપી. ત્યારબાદ આજીવન ભીલ સેવા મંડળના આજીવન સભ્ય તરીકે જોડાઈને આદિવાસીઓની આજીવન સેવા કરી. આમ હિરાંબહેન ૨૦-૧૨-૨૦૦૦ના રોજ સાંજે ૪:૦૦ કલાકે ટુંકી માંદગીના કારણે ૯૦ વર્ષની વયે દિવગંત થયા.

હિરાંબહેનના સમગ્ર જીવનનાં વિવિધ તબક્કાઓનો અભ્યાસ કરતાં તેમાંથી ફલિત થતું ચિત્ર કંઈક આવું જ પ્રતિબિંબ ઉપસાવે છે. દારુણ ગરીબાઈ વચ્ચે માતા વિહોણી અને પિતાની છત્રછાયા કારણોસર ગુમાવેલ જેસાવાડામાં લગભગ નિરાધાર અવસ્થામાં જેસાવાડાના ફળિયામાં રમતી ૮ વર્ષની એક દિકરી, જીવનના આઠમા વર્ષે ઠક્કરબાપા જેઓ પ્રખર ગાંધીવાદી હતાં, જેમના જીવનનો માત્ર ઉદ્દેશ્ય આદિવાસી અને હરિજનોના ઉત્કર્ષનો રહ્યો હતો એવા ઠક્કરબાપાએ હિરાંબહેનને પોતાની છત્રછાયામાં લીધા. હિરાંબહેનને જાણે લાગેલ પારસમણિનો સ્પર્શ અને એમનું જીવન ગાંધીયુગન મૂલ્ય સાદાઈ, સત્ય, અહિંસા, નૈતિકતા, કરુણા સભર તેમનું જીવન ભીલ સેવા મંડળના પરિવારમાં મહેંકી ઉઠ્યું. તેમના લગ્ન પણ ભીલ સેવા મંડળના સભ્ય લાલચંદભાઈ નિનામા સાથે થયા. લગ્ન પછી પણ આ યુગલ આદિવાસી જાતિના સેવાનો ભેખ જાણે ધારણ કર્યો. પંચમહાલ જીલ્લામાં આદિવાસી કન્યાઓમાં શિક્ષણ માટે જાગૃતિ, શાહુકારો વિરૂધ્ધ આદિવાસીઓને રક્ષણ, નશાબંધી, બાળકલ્યાણ અર્થે સતત કાર્યરત રહ્યા. સક્રિયપણે તેઓ રાજકારણમાં પણ જોડાયા અને ઝાલોદ, દાહોદ, સંતરામપુરમાંથી ધારાસભ્ય તરીકે પણ ચૂંટાયા અને સ્પીકર જેવા મહત્વના પદ પર પણ કામગીરી નિભાવી. રાજયની મહત્વની કમિટિના સભ્યપદે પણ તેઓ રહ્યાં.

ઈતિહાસના subaltern study દ્રષ્ટિકોણથી વિચારીએ તો આદિવાસી જાતિ હંમેશા સમાજના ઉપલા વર્ગથી ઉપેક્ષિત અને કચડાયેલ રહી છે. જયારે છેવાડાના વિસ્તારમાં એટલે પંચમહાલના અંતરિયાળ વિસ્તારમાં જાતિની પ્રગતિ, વિકાસ અર્થે પોતાનું સમગ્ર જીવન તેઓ સમર્પિત કર્યુ હતું. આમ તેઓ આદિવાસી જાતિના ઉત્કર્ષ અર્થે rise, development, growth માટે સક્રિય રહ્યાં હતાં.

Feminism attitudeથી વિચારી એનો કચડાયેલ જાતિની ૨૦મી સદી દરમ્યાન કન્યા કેળવણી અર્થે મહિલા અધિકારો માટે પણ તેઓ સતત સક્રિય રહ્યાં હતાં. તેઓએ પરિસ્થિતિનો સામનો કરતુ વ્યક્તિ Lead from front. આ ઉપરાંત તેમના કાર્યકાલ નિશ્ચિત લક્ષ્યાંકો બનાવ્યા હતાં. Set targets દેખાય છે. પાયાના લોકો સાથે તેઓ સંપર્કમાં walk the floor આ ઉપરાંત કાર્ય પરત્વેની Loyalty (વફાદારી) પણ હિરાંબહેનમાં દેખાય છે. Integrity (નિષ્ઠા) પણ વ્યક્ત થાય છે. આ ઉપરાંત આદિવાસી જાતિના સતત સંપર્કમાં communication પણ સ્પષ્ટ થાય છે. આ ઉપરાંત તેઓએ આદિવાસી જાતિના લોકોને સતત motivate તથા Inspire કરતાં દેખાય છે. સ્ત્રીઓના તથા

બાળકોના કલ્યાણ (welfare) પ્રવૃતિ પણ સ્પષ્ટ દેખાય છે. આમ તેમના વ્યક્તિત્વમાં Leader (નેતા) ના ગુણ હતા. આ સાથે સાદગી, નમ્રતા, પ્રેમ, નિષ્ઠા, કરૂણા, શિસ્ત પણ તેમના જીવનમાં સતત વ્યક્ત થાય છે. તેમના સમગ્ર વ્યક્તિત્વને યાદ કરતાં ભવભૂતિનું સ્મરણ થઈ જાય. આમ, હિરાંબહેન સાચા અર્થમાં ૨૦મી સદીમાં આદિવાસી ઉત્કર્ષ તથા મહિલા અધિકારોના પ્રહરી હતા.

- **પાદટીપ** :-


૧. ભીલ સેવા મંડળની પ્રવૃતિની રૂપરેખા, દાહોદ – પૃ-૮ વર્ષ ૨૦૦૧.

૨. "પ્રભાત" – દૈનિકના ૪થી એપ્રિલ ૧૯૬૨ તે સમયના તંત્રીશ્રી કકલભાઈ કોઠારીએ હિરાબહેન સાથે લીધેલ મુલાકાત.

૩. દેસાઈ ઈલાબહેનઃ ધૂપ-સુગંધ, પ્રકાશક ભીલ સેવા મંડળ, દાહોદ પંચમહાલ, વર્ષ ૨૦૦૨, પૃ.૫૭.

૪. આદિવાસી સંદેશ-મહિલા જગત, સંકલન સોમજીભાઈ ડામોર, દાહોદ, ૧૯૭૦, પૃ.૫.

૫. ગુજરાત વિધાનસભા ચર્ચાઓ સત્તાવાર અહેવાલ-૨જી એપ્રિલ ૧૯૬૯, ગુજરાત વિધાનસભા સચિવાલય, અમદાવાદ-૧૬, પૃ.૪૫૯૨.

૬. એજન, પૃ.૪૫૯૩.

૭. એજન, પૃ.૪૫૯૫.

૮. ગુજરાત વિધાનસભા ચર્ચાઓ, સત્તાવાર અહેવાલ, ગુજરાત વિધાનસભા સચિવાલય,અમદાવાદ-૧૬, ૨૪મી માર્ચ ૧૯૬૯, પૃ.૩૯૨૭,૩૯૨૮.

૯. એજન, પૃ.૩૯૩૦.

૧૦. અભિયાન, ૨૬ મે ૨૦૦૧, મુલાકાતઃ વિષ્ણુ પંડ્યા.

૧૧. સુરેશભાઈ નિનામા (પુત્ર) સાથેની રૂબરૂ મુલાકાત.

૧૨. નશાબંધી મંડળ-ગજરાત, (બહુમાળી મકાન સામે, ભદ્ર, અમદાવાદ-૧૭, આઉટવર્ડ-૫૧૮/૮૮-૮૯ તરફથી મળેલ સન્માનપત્રના આધારે).

૧૩. "ગુજરાત" – ૨૭-૯-૧૯૯૨, માહિતી ખાતું, ગાંધીનગર.

૧૪. ભીલ સેવા મંડળના વાર્ષિક અહેવાલ વર્ષ ૨૦૦૦.